International Journal of Advance and Applied Research
www.ijaar.co.in
ISSN – 2347-7075 Impact Factor – 7.328
Peer Reviewed Bi-Monthly
Vol.9 No.6 July – Aug 2022

# નારી મનના સંકુલ સંવેદનોની વાર્તા - 'કુંભી'

**ડૉ. રાજેન્દ્ર કે. મકવાણા**
**એસોસિયેટ પ્રોફેસર**
**એસ. આર. ભાભોર આટર્સ કોલેજ, સીંગવડ**

નારી મનનાં સંકુલ સંવેદનો આલેખવામાં મોહન પરમારની વાર્તાકળા ખરેખર ખીલી ઊઠે છે. આ વાર્તા પણ એક નારીના સંકુલ સંવેદનોને સુંદર રીતે અભિવ્યક્ત કરતી જોવા મળે છે. લગ્નજીવનનાં ખાસ્સાં વર્ષોના દામ્પત્યજીવન છતાં કોઈ જ સંતાન ન થવાને કારણે વ્યથિત દંપતિની સંવેદના અહી આલેખાઈ છે. વાર્તાની નાયિકા શકરી પોતાના પતિ કરસનને બીજી પત્ની લાવવા આગ્રહ કરે છે અને જ્યારે પતિ બીજી પત્ની લાવે છે ત્યારે તેના ચિત્તમાં ઉદ્‌ભવતા સંકુલ મનોભાવોને લેખકે 'કુંભી'ના પ્રતીક દ્વારા સુપેરે ઉપસાવ્યા છે. એક નારીની સંકુલ મનોસ્થિતિનું આસ્વાદ્ય બયાન અને અભિવ્યક્તિ લેખક દ્વારા થવા પામી છે. તેમાં લેખકની વાર્તાકળા પરની હથોટી અને સંયમ જોઈ શકાય છે.

વાર્તાનો પ્રારંભ શકરી ઘઉંની સેવો મૂકવા માટે તેની બહેનપણી જીવીની રાહ જોઈ રહી છે ત્યાંથી થાય છે. ગામડા ગામમાં કંઈ ખાસ ઉત્સવ કે તહેવારના પ્રસંગે ઘઉંની સેવો બનાવવામાં આવે છે. અહીં શકરીનો પતિ કરસન બીજું બૈરું લેવા માટે ગયો છે આથી તે સાંજે આવે ત્યારે નવી વહુ અને તેને ખવડાવવા માટે ઘણા જ હોંશથી શકરી સેવો બનાવી રહી છે. જીવી આવે અને સેવો બનાવવાની કામગીરી શરૂ થાય એ વચ્ચેના સમયમાં સેવોના કામમાં મદદરૂપ બનવા આવેલાં બાળકોની ગતિવિધિ અને શકરીની માનસિકતાનું સુંદર નિરૂપણ વાર્તાના સ્વરૂપને સિદ્ધ કરવામાં ખપે લાગે છે. સૂનમૂન અને મૂંગી થઈ ગયેલી શકરી વિચારે છે કે ભગવાને મને જ કેમ નછોરવી રાખી ? લગ્નને દસ વર્ષ વીતી ગયાં. તેનો પતિ કરસન તો બીજાં લગ્ન માટે ના પાડતો હતો. તેણે જ તેને એ વિચાર પ્રેરિત કર્યો. થોડા દિવસ પહેલાં કરસને હવે ઉંમર થઈ તો ઘડપણમાં પોતાની સેવા માટે તથા વંશને આગળ ચલાવવા બીજી પત્ની લાવવાની વાત કરી. ત્યારે બીજી પત્ની લાવ્યા પછી પોતાને અન્યાય તો નહી થાય ન એની પૂરી ખાતરી કરી તેણે બીજી પત્ની લાવવા હા પાડી હતી. જેઠીને આવતા મોડું થાય છે તો તે લોટ તૈયાર કરીને કામ શરૂ કરી દે છે. નવી આવશે ત્યારે પોતે કેવા ઉમળકાથી વધાવશે તેનાં સ્વપ્નાં લોટ બાંધતાં બાંધતાં જોઈ રહી છે. શકરીની આ માનસિકતાનું લેખકે સુંદર ગદ્યમાં નિરૂપણ કર્યું છે જેમ કે, "હાંજના કરસન નવીનઅ લઈનઅ આવશીં. હું ઈમનઅ ઘીથી લથપથ સેવ ખવડાઈશ. નવી લાજની મારી થોડું ખેતઅ ઊભી થવાનું કરતી હશી. ત્યાં હું ઈનઅ પરાણે બેહાડીનઅ હોંશે હોંશે ખાવાનું કીધા કરીશ. બધાંની આગળ એ કૈતી ફરશી; મારી શકરીબૈ એટલઅ કે'વું પડઅ. હગી બુનની જ્યમ મનઅ રાખઅ છઅ. પછઅ...થોડા મહિના વહી જાહઅ. નઅ ઉંવા, ઉંવા- એ મલકી પડી." (પૃ.૧૪૯, કુંભી)

બધા કામથી પરવારી સેવનું આંધણ મૂકી કુંભી પર હાથ ટેકવીને કરસનની રાહ જુએ છે. એ લોકો આવી પહોંચે છે નવીને લઈને. શકરી નવી વહુને પોંખવા દોડી જાય છે. ખુશખુશાલ લાગતા કરસન જોડે વાત કરવી છે પણ ઘણા બધા માણસોમાં તેને એવી તક મળતી નથી. બહાર પુરુષો વચ્ચે બેઠેલો કરસન મળી શકે તેમ નથી આથી શકરી કુંભીએ હાથ ટેકવી ઊભી રહે છે. રાતનું જમવાનું પૂરું થયું, મળવા આવેલાં બધાં ચાલ્યાં જાય છે. શકરી, જેઠી સાથે ઓસરીમાં સૂવે છે. કરસન ઘરમાં ચાલ્યો જાય છે. જેઠી તો પડતામાં જ ઊંઘી જાય છે. શકરી નવી સાથે ઘરમાં શું ચાલી રહ્યું છે તે જોવા ઊભી થાય છે. તેના મનમાં સતત સંઘર્ષ ચાલી રહ્યો છે. આ સંઘર્ષનું બયાન એક નારીની ચેતનાનો સબળ પરિચય પમાડે છે. પોતાના હોવા છતાં પતિને બીજી પત્ની લાવવી પડે અને તેની નજર સામે જ તે તેની સાથે સહવાસ માણી રહી છે આ આખી સ્થિતિ તેના હૃદયને અનેકવિધ ભાવોથી ભરી દે છે. તે બારણાની તિરાડમાંથી ફાનસના

આછા અજવાળામાં આ બંનેની ક્રિયાઓને જોઈ રહી છે. પોતાની સાથે પહેલી રાતે થયેલું એવું જ થશે કે કાંઈ નવીન- આ જોવાની ઉત્સુકતા શકરીના હૃદયને જોરજોરથી ધબકાવે છે. હવે છેલ્લી ઘડી પહોંચી છે કરસન નવીનો સાડલો પકડીને ખેંચી રહ્યો છે ત્યાં જ નવી ફાનસ હોલવી નાખે છે. અને શકરી નિરાશામાં ગરકાવ થઈ જાય છે. વિમાસણમાં અટવાયેલી તે ઓટલી પરથી પડી જ જાત પણ ઓસરીમાં રહેલી કુંભીનો સહારો તેને પડતી બચાવી લે છે. વાર્તામાં શકરીના મનોભાવો સુંદર રીતે અભિવ્યક્તિ પામ્યા છે. શકરીના જીવનની કટોકટીની ક્ષણોએ તેને એક નિર્જીવ કુંભી જ ઓથ આપે છે તે રીતે ‘કુંભી’ શીર્ષક યથાર્થ બની રહે છે.

## સંદર્ભ


૧. ટૂંકીવાર્તા અને બીજાલેખો, સં. જયંત પાઠક, આવૃત્તિ વર્ષ : ૨૦૦૦

૨. વાર્તાપર્વ, લે. બાબુ દાવલપુરા, આવૃત્તિ વર્ષ : ૨૦૦૭

૩. પરમ્પરાપરક વાર્તાઓ, સં. રાધેશ્યામ શર્મા, આવૃત્તિ વર્ષ : ૨૦૦૬